ઝઘડિયા તાલુકા પંચાયતના ભાજપાના મહિલા સદસ્ય સાથે છેતરપિંડી કરવાના ઈરાદે માહિતી માંગનાર સામે ફરિયાદ નોંધાવી

(પ્રતિનિધિ) ભરૂચ,

ટેલિફોનિક માહિતી માંગનાર ડેવિડ નામના ઈસમ સાથે ભાજપના તાલુકા પંચાયત ઝઘડિયાના મહિલા સદસ્યએ મારામારી કરી હોય તેણે પાંચ વિરુદ્ધ સામી ફરિયાદ નોંધાવી છે.

ઝઘડિયા તાલુકાના દુમાલા વાઘપુરા ગામે રહેતા સુનિતાબેન નરેન્દ્રભાઈ વસાવા હાલની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં ઝઘડીયા તાલુકા પંચાયતની દુમાલા વાઘપુરા બેઠક પરથી ભાજપામાંથી ચુંટાયેલા છે.ગત તા.૨૯.૫.૨૧ ના રોજ તેઓ ઘરે હતા ત્યારે એક મોબાઈલ ફોન પરથી હીરા બજાર સુરતથી સુરેન્દ્ર નામના ઈસમનો ફોન આવ્યો હતો અને તેમણે જણાવેલ કે હું તમારા પતિનો ખાસ છુ અને તમારા પતિ એક સેલ્ફ ડિપોઝીટ મુકેલી હતી તે તમને ખબર છે કે કેમ ? અને તેમના બધા ડોક્યુમેન્ટ મારી પાસે છે તેમ કહી સુનિતાબેનનો પર્સનલ નંબર માંગણી કરી હતી.પરંતુ સુનિતાબેને તે નંબર આપ્યો ન હતો,ત્યાર બાદ બીજી વખત પણ ફોન આવેલ અને જણાવેલ કે તમારો નંબર આપો અને તમારા પતિ એ લોકર વિશે તમને કંઈ કીધેલું છે કે કેમ? તેમ કહી સુનિતાબેનના લગ્નની તારીખની પૂછપરછ કરતો હતો. સુનીતાબેન એ તેમના પર આવેલા ફોન નંબરની તપાસ કરાવતા નંબર દુમાલા વાઘપુરા ગામના ખડકી ફળિયામાં રહેતા ડેવિડ વિલસનનો હોવાનું જણાવ્યું હતું. ગત તા. ૬.૬.૨૧ ના રોજ ડેવિડ અછાલીયા ઝેટકો સબ સ્ટેશન પાસે આવેલ એક ચાની લારી પર બેઠેલ છે તેમ માહિતી મળતા સુનિતાબેન તથા અન્ય ઈસમો ચાની લારી પાસે ગયા હતા અને તેમની સાથે ગયેલાના પૈકી સંજય નામના ઈસમે ડેવિડને પૂછેલ કે તું કેમ ફોન કરી ખોટી ઓળખ આપી નરેન્દ્રભાઈની ગુપ્ત માહિતી માગે છે?તેમ કહેતા ડેવિડ નાએ સંજયને ધક્કો મારી ત્યાંથી નાશી જતાં તેની સાથે ઝપાઝપી થયેલ તે દરમ્યાન ડેવિડે લાકડી વડે સંજયને સપાટો મારેલ,તે દરમ્યાન સુનીતાબેને ડેવિડને પૂછેલ કે તુ ક્યાંનો છે હું તને ઓળખતી નથી ત્યારે ડેવિડે જણાવેલ કે તમારા પતિને હુ ઓળખતો હતો ૨૦૦૬ માં મારા ઉપર ફરિયાદ કરી નરેન્દ્રભાઈએ મને જેલમાં પૂરાવેલ તેનો બદલો લેવા હું તમને ફોન કરૂ છું તેવી હકીકત જણાવી જેથી સુનિતાબેન નરેન્દ્રભાઈ વસાવાએ ડેવિડે તેમને છેતરપિંડી કરવાના ઈરાદે ફોન કરી માહીતી માંગી બોલાચાલી કરી માં બેન સમાણી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતા ઉમલ્લા પોલીસ મથકમાં ૨૦ દિવસ બાદ ડેવિડ ગુડુભાઈ વિલસન ખ્રિસ્તી રહે. દુમાલા વાઘપુરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. આ ઘટનામાં સામે ફરિયાદમાં ડેવિડ ગુડુભાઈ વિલસન ખ્રિસ્તી રહે.દુમાલા વાઘપુરા તા.ઝઘડિયા મુળ રહે. ઉધના-મગદલ્લા રોડ સુરત નાઓ ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.ગત તા. ૬.૬.૨૧ ના રોજ ડેવિડ ઉમલ્લા થી રાજપારડી જવાના રોડ ઉપર અછાલીયા ઝેટકો સબ સ્ટેશન પાસે આવેલ ચાની લારીએ ચા પીવા માટે ગયેલ હતો.

મોડાસાની અર્બુદા શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

મોડાસા,

અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતેની ધી અર્બુદા શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા આજરોજ મંડળીના મકાનમાં મંડળીના ચેરમેન હરેશભાઈ પટેલના પ્રમુખસ્થાને યોજાઈ હતી.એજન્ડા મુજબની કાર્યવાહી પુરી થતા અંતે સભાના પ્રમુખસ્થાનેથી બોલતા હરેશભાઈ પટેલે જણાવ્યું કે ૧૫૦૦ સભાસદો ધરાવતી મંડળી દ્વારા વર્ષ દરમિયાન રૂ.૪ કરોડનું ધિરાણ કરવામાં આવ્યું છે.કોરોના મહામારીનું વર્ષ છતાં આ વર્ષે ૯૬ ટકા વસુલાત થઈ છે.છેલ્લાં ૨૦વર્ષમાં મંડળીએ ઉત્તરોતર પ્રગતિ સાધી છે અને રૂ.૮૦લાખના ખર્ચે લોકર સહિતની અદ્યતન સુવિધા સાથેનું મંડળીનું પોતાનું મકાન છે,ચાલુ વર્ષે મંડળીએ રૂ.૧૫.૪૦લાખનો નફો કર્યો છે.આ સભામાં મંડળીના એમ.ડી. મણીભાઈ એસ.પટેલ,કારોબારી સભ્યો, સભાસદો ઉપસ્થિત રહ્યા હતા. મેનેજર ચીમનભાઈ પટેલે સભાનું સંચાલન કર્યું હતું.અંતમાં આભાર વિધિ વાઈસ ચેરમેન ઈશ્વરભાઈ બી.પટેલે કરી હતી.

વાગરાના ત્રાંકલ ગામેથી બે કામદારો બાઈક ઉપર સવાર થઈ વેલ્સપન કંપની ઉપર વિરોધ પ્રદર્શનમાં જોડાવા જતા અકસ્માત

કડોદરા પાસે ૨ બાઈક સામ સામે ભટકાતા એક કામદારનું મોત જ્યારે બીજાને ઈજાઓ પહોંચી

(પ્રતિનિધિ) ભરૂચ,

દહેજની વેલ્સપન કંપનીએ પ્લાન્ટને બંધ કરી ૧૨૦ અધિકારીઓની અન્ય પ્લાન્ટમાં બદલીઓ કરી દીધા બાદ ૪૦૦ કામદારોને પેહલા વર્ક ફ્રોમ હોમના ઓર્ડર અને બાદમાં ૨ દિવસમાં જ ટપાલ મારફતે અંજાર પ્લાન્ટમાં ટ્રાન્સફરના ઓર્ડરો કરી દેતા વિરોધ આંદોલન ફાટી નીકળ્યું છે.

છેલ્લા કેટલાક દિવસોથી ૪૦૦ જેટલા કામદારો કંપની ગેટ બહાર વિરોધ પ્રદર્શન કરવા સાથે કલેકટર તેમજ વાગરાના ધારાસભ્યને પણ રજૂઆતો કરી ચુક્યા છે. હજી સુધી કામદારોના બદલીઓ સામે વિરોધનો કોઈ નિવેડો આવ્યો નથી અને કામદારોનું આ આંદોલન તેમજ વિરોધ પ્રદર્શન જારી છે.

રવિવારે દહેજની વેલ્સપન કંપનીના બે કામદારો સવારે બાઈક ઉપર સવાર થઈ વાગરાના ત્રાંકલથી કંપની સ્થળે વિરોધ પ્રદર્શનમાં જઈ રહ્યા હતા ત્યારે કડોદરા પાસે બે બાઈકો સામ સામે અથડાઈ હતી.ઘટનામાં બન્ને ઈજાગ્રસ્ત કામદારોને ભરૂચની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.જ્યાં સારવાર વેળા કલ્પેશ ધનજીભાઈ ગોહિલનું મૃત્યુ નિપજતા સાથી કામદારો અને પરિવારજનોમાં શોકનું મોજું ફરી વળ્યું છે.જ્યારે અરવિંદ ભીખાભાઈ સોલંકીને ઈજાઓ પહોંચી હતી.મૃતક કામદારના મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી ઘટના અંગે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી છે.

સૂપ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે માઈભક્તોનુ ઘોડાપુર ઉમટ્યુ

પંચમહાલ,

પંચમહાલ જીલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ ૫૧ શક્તિપીઠ પૈકીના શક્તિપીઠ પાવાગઢ ખાતે બિરાજમાન જગત જનની માં મહાકાલીના દર્શન કરવા રવિવારના રોજ વહેલી સવારથી મોડી સાંજ સુધી મોટી સંખ્યામાં માઈભકતો ઉમટી પડ્યા હતા.

મહાકાલી માતાજીના મંદિરનો નિજ મંદિરના દ્વાર ભક્તોના દર્શનાર્થે બે માસ જેટલો સમય બંધ રહ્યા બાદ તેમજ કોરોના મહામારીની પરિસ્થિતિ થોડા ઘણા અંશે સામાન્ય થતા ઘરે બેસી કંટાળેલા માઈભકતો તેમજ સહેલાણીઓ છેલ્લા બે સપ્તાહ થી પાવાગઢ તરફ મોટી સંખ્યામાં ઉમટી પડતા હોય છે જે અંતર્ગત રવિવારના રોજ વહેલી સવારથી પાવાગઢ તરફ ભક્તો નો ભારે પ્રવાહ ઉમટી પડયો હતો જ્યારે ભક્તોના દર્શનાર્થે નિજ મંદિરના દ્વાર વહેલી સવારથી ખુલ્લા મુકાયા હતા ભક્તો નિજ મંદિર પરિસર ખાતે પહોંચી જય માતાજી ના ભારે જય ઘોષ સાથે શિસ્તબદ્ધ રીતે માતાજીના ચરણોમાં શીશ ઝૂકાવી ધન્યતા અનુભવતા હતા.

રવિવારના રોજ ભક્તોના ભારે પ્રવાહ ની સંભાવના પગલે ભક્તોની સુરક્ષા તેમજ સરકારની કોરોના ની ગાઈડલાઈન નું પાલન કરવા પાવાગઢ ખાતે ૧૦ પી.એસ.આઈ સહિત ૧૫૦ જેટલા પોલીસકર્મીઓ ને બંદોબસ્તમાં લગાવવામાં આવ્યા હતા જોકે સવારના સમયે મોટી સંખ્યામાં વાહનોનો કાફલો તળેટી ખાતે આવી પહોંચતા ડુંગર પર પાર્કિંગની અવ્યવસ્થા ન સર્જાય તેમજ એક સાથે વધુ યાત્રિકો ભેગા ન થઈ જાય તે માટે પાવાગઢ પોલીસ દ્વારા થોડો થોડો સમય માટે યાત્રિકોને તળેટી ખાતે રોકી રાખવામાં આવેલ. તેમ છતાં ટ્રાફિક વધી જતા હાલોલ પાવાગઢ માર્ગ વચ્ચે ટીંબી પાટીયા પાસેથી પાવાગઢ તરફ ટ્રાફિક અટકાવી વડા તળાવ થઈ પાવાગઢ તરફ રવાના કરવામાં આવતો હતો જ્યારે જેમ જેમ યાત્રિકો માતાજીના દર્શન કરી પરત ફરે અને મચી ખાતે ટ્રાફિક હળવો થાય ત્યારબાદ તળેટીમાં રહેલાં વાહનો ઉપર જવા દેવામાં આવતા હતા. જેને લઈ થોડાક સમય માટે તળેટી ખાતે વધુ ટ્રાફિક થયેલો જોવા મળ્યો હતો. જોકે પોલીસે વધુ ભીડ

મહા રસીકરણ અભિયાન હેઠળ જિલ્લામાં ૪૭૬૩ લોકોએ રસી મૂકાવી

(માહિતી) વડોદરા,

વડોદરા જિલ્લામાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા શરૂ કરવામાં આવેલા મહા રસીકરણ અભિયાન હેઠળ આજે ૪૭૬૩ લોકોએ રસી મૂકાવી હતી.આ અભિયાનને અનુલક્ષીને સહુ સરળતા થી રસી લઈ શકે તે માટે જિલ્લામાં રસીકરણ કેન્દ્રો ૨૫ થી વધારીને ૧૦૦ થી વધુ રાખવામાં આવ્યા હતા અને ૧૮ થી ૪૪ ની વય જૂથના લોકો ઓનલાઈન પૂર્વ નોંધણી વગર આધારકાર્ડ જેવા પુરાવાને આધારે સ્થળ પર નોંધણી કરાવી રસી લઈ શકે એવી છૂટ આપવામાં આવી છે.

વડોદરા જિલ્લાના ગ્રામ વિસ્તારોમાં ૧૮ થી ૪૪ ની વય જૂથના દૈનિક ૫ હજાર લોકોને રસી મૂકવાના લક્ષ્યાંક સાથે ૨૫ કેન્દ્રોમાં રસી મુકવામાં આવી રહી હતી.પરંતુ હવે રસીકેન્દ્રો વધારી ને ઉપરોક્ત વય જૂથ સહિત તમામ વય જૂથના દૈનિક ૧૦ હજાર થી વધુ લોકોને રસી આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

તેના હેઠળ આજે ૧૮ થી ૪૪ વયજૂથના ૨૯૨૮ લોકોએ રસીનો પહેલો ડોઝ લીધો હતો. તેની સાથે આવય જૂથના ૧૩૪૫૨૩ લોકોએ રસીનો પહેલો ડોઝ લઈ લીધો છે જેમાં બીજો ડોઝ લેનારા ૨૦૩૮ નો સમાવેશ થાય છે. ૧૮ થી ૪૪ ઉપરાંત અન્ય ચાર શ્રેણીઓના થઈને કુલ ૪૧૫૨ લોકોએ આજે રસીનો પહેલો ડોઝ લીધો હતો.આમ,અત્યાર સુધીમાં કુલ ૪૯૭૩૦૫ લોકો એ પહેલા ડોઝની રસી લીધી છે.જ્યારે આજના દિવસે પહેલો અને બીજો ડોઝ સહિત કુલ ૪૭૬૩ લોકોએ રસી મૂકાવી. આજે ૬૧૧ લોકોએ બીજો ડોઝ લીધો હતો જેની સાથે બંને ડોઝ લઈ ચૂક્યા હોય એવા લોકોની સંખ્યા વધીને ૧૧૪૨૪૫ થઈ છે. આમ, અત્યાર સુધીમાં વડોદરા જિલ્લાના ગ્રામ વિસ્તારમાં ફક્ત પહેલો અને બંને ડોઝ લીધો હોય તેવા લોકોની સંખ્યા વધીને ૬૧૧૫૫૦ થઈ છે.

ઝઘડિયાના અવિધા ગામે જુગાર રમતા ચાર ઝડપાયા

(પ્રતિનિધિ) ભરૂચ,

જુગાર રમતા પાંચ પૈકી ચાર ઝડપાયા જ્યારે એક ભાગી ગયો. ઝઘડીયા તાલુકાની રાજપારડી પોલીસ ગતરોજ ખાનગી વાહનમાં અવિધા બીટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે અવિધાના સંચા ફળિયામાં જવાના રસ્તાની બાજુમાં આવેલ વાડામાં કેટલા ઈસમો બેસી પૈસા વડે પાના પત્તાનો હારજીતનો જુગાર રમે છે.રાજપારડી પોલીસે બાતમી વાળા સ્થળે અવિધા ગામના સંચા ફળિયા જવાના રસ્તાની બાજુમાં છાપો મારતા કેટલાક ઈસમો પાનપત્તા વડે હારજીતનો જુગાર રમતા હતા. પોલીસને જોઈ જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી.જેમાં પોલીસે ચાર જુગારીઓને ઝડપી લીધા હતા જ્યારે એક ભાગી જવામાં સફળ થયો હતો.પોલીસે કુલ રૂ.૧૧,૭૩૦ રોકડા મુદ્દામાલ તરીકે જપ્ત કર્યા હતા અને (૧) જીગ્નેશ વિજયભાઈ પાટણવાડીયા (૨) કનુ કિલિયાભાઈ વસાવા (૩) સુરેશ બાબુભાઈ પાટણવાડીયા (૪) અશોક બાલુભાઈ પાટણવાડીયા તમામ રહે.અવિધા તા.ઝઘડિયા વિરુદ્ધ રાજપારડી પોલીસ મથકમાં ફરિયાદ નોંધી કાર્યવાહી હાથધરી છે.

ગાંધીનગર જિલ્લાના પેથાપુર પોલીસ મથકના તાબામાં આવતી ઉનાવા આઉટ પોસ્ટ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉનાવાના સરપંચ, પંચાયતના સભ્યો, વાસણ ગામના સરપંચ, પોલીસ સ્ટાફ, ગૃહ રક્ષકદળના સભ્યો સહિત અગ્રણીઓએ ખાસ ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ કર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આ સમયે ઉપસ્થિત લોકોએ વધુમાં વધુ વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ પણ લીધો હતો.

ખંભાળિયામાં કથાકાર જીવણ ભગત દ્વારા હરતુ ફરતું અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું

ખંભાળિયા,

દ્વારકા જીલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે કથાકાર જીવણ ભગત દ્વારા આજથી જરૂરિયાત મંદ લોકો માટે શહેર અને આજુબાજુ હરતું ફરતું અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું છે. કોઈ અંધ, અપંગ, માનસિક અસ્થિર મગજના નિરાધાર લોકો માટે કથાકાર જીવણ ભગત સંચાલિત અન્નપૂર્ણા હરતું ફરતું અન્નક્ષેત્ર દ્વારા શુધ્ધ અને સાત્વિક ભોજન તૈયાર કરી થાળી બનાવીને આપવામાં આવશે. પ્રથમ દિવસ માટે ચારસો જેટલા લોકોને ભોજન પહોંચાડવામાં આવ્યુંહતું. દરરોજ માટે શહેરના હરતુ ફરતું જરૂરિયાતમંદ લોકો માટે અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં અનેક જરૂરિયાતમંદ લોકોની જગરાગ્નિ ઠારવાનો કાર્યક્રમ આરંભ કરવામાં આવ્યો છે.

દરરોજ બે ટાઈમ શહેર અને આજુબાજુ વિસ્તારમાં નિરાધાર લોકો માટે આ સેવા શરૂ કરવામાં આવતા આ કાર્ય શહેરમાં પ્રશંસનીય બની રહ્યું છે. ખંભાળિયા શહેરમાં પ્રથમ હરતું ફરતુ અન્નક્ષેત્ર શરૂ કરવા બદલ કથાકાર જીવણ ભગતને લોકોએ શુભેચ્છા પાઠવી હતી. જીવણ ભગત દ્વારા પોરબંદર ખાતે છેલ્લા ઘણા સમયથી ગરીબ અને નિરાધાર લોકો માટે ત્રણ ગાડી દ્વારા દરરોજ શહેર અને આજુબાજુના વિસ્તામાં રાંધેલું ભોજન થાળીઓ તૈયાર કરીને પીરસવામાં આવે છે. દરરોજને માટે ૬૦૦ થી ૧૦૦૦ લોકો તેમનો લાભ લે છે. ત્યારે વધુ એક સરાહનીય કાર્ય ખંભાળિયા ખાતે શરૂ કરવામાં આવ્યું છે. શહેરના અગ્રણીઓએ શુભકામના પાઠવી હતી.

મોરબી એલઈ કોલેજના જર્જરિત બિલ્ડિંગના રિનોવેશન માટે મુખ્યમંત્રીને રજુઆત

મોરબી,

મોરબીની ઐતિહાસિક ધરોહર સમાન લખધીરજી એન્જિનિયરીંગ કોલેજનું બિલ્ડિંગ જર્જરીત હાલતમાં છે. જોખમી બની જવાથી આ ઐતિહાસિક બિલ્ડિંગના રિનોવેશન કરવાની તાતી જરૂરિયાત છે. જેથી એલ.ઈ. કોલેજના એતિહાસિક મકાનની જાળવણી બાબતે ધારાસભ્યએ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સાથે રાખીને મુખ્યમંત્રીએ ઘટતુ કરવા ભલામણ કરી હતી.

મોરબીના ધારાસભ્ય બ્રિજેશ મેરજાએ જણાવ્યું હતું કે મોરબીની ઐતિહાસિક ધરોહર સમાન લખધીરજી એન્જિનિયરીંગ કોલેજનું બિલ્ડિંગ તત્કાલિન રાજવીએ પોતાનો પેલેસ આપીને તેમાં વર્ષ ૧૯૫૧ દરમિયાન ઈજનેર કોલેજ ચાલુ કરાવી હતી. આ એલ.ઈ. કોલેજ જે તે વખતે દેશની ૧૦ ઈજનેરી કોલેજ પૈકીની એક ગણાતી હતી. પરંતુ આ એલ.ઈ. કોલેજનું બિલ્ડિંગ કાળક્રમે જર્જરીતથઈ ગયું છે.

ADARSH PLANT PROTECT LTD

Regd. Office : 604, GIDC, VITTHAL UDYOGNAGAR - 388 121, DIST. ANAND
CIN No. L29210GJ1992PLC017845 Website : www.adarshplant.com
Tel No. (02692) 236705 Fax No. (02692) 236704 Email ID : adarshplantprotect@gmail.com

(Rs. In lakhs)

Extract of Audited Financial Results for the quarter and year ended 31st March, 2021

Sr. No.	Particulars	Quarter ended 31/03/2021	Quarter ended 31/03/2020	Year ended 31/03/2021	Year ended 31/03/2020
		Audited	Audited	Audited	Audited
1	Total Income from Operations	426.63	272.86	1263.77	1274.40
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	29.36	11.25	21.65	1.29
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	29.36	11.25	21.65	1.29
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	29.36	11.25	21.65	1.29
5	Total Comprehensive Income for the period	29.36	11.25	21.65	1.29
6	Equity share capital	991.15	991.15	991.15	991.15
7	Earning per share (Face Value of Rs.10/- each)				
	1. Basic	0.30	0.11	0.22	0.01
	2. Diluted	0.30	0.11	0.22	0.01

NOTES :

1. The above results were reviewed and recommended by the Audit Committee and approved by the Board of Directors in their meeting held on 26th June, 2021.
2. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015.
3. The full format of the Quarterly Financial Results are available on the website of the Stock Exchange www.bseindia.com and on the website of the Company www.adarshplant.com

Place: V.U. Nagar
Date: 26/06/2021

For Adarsh Plant Protect Ltd.
Naishadkumar N. Patel
Chairman (DIN 00082749)

બાયડના પૂર્વ ધારાસભ્ય સ્વ. ચંદ્રભાણ સિંહજી સોલંકીની પુણ્યતિથિ નિમિત્તે વૃક્ષોના રોપાનું વિતરણ કરવામાં આવ્યું

બાયડ,

બાયડના પૂર્વ ધારાસભ્ય સ્વ. ચંદ્રભાણ સિંહજી સોલંકીના પર્યાવરણ પ્રેમી પરિવારે સ્વ. ચંદ્રભાણ સિંહજી સોલંકીની તેરમી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે વૃક્ષોના રોપાનું વિતરણ કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી એક અનોખી પહેલ કરી લોકોને પર્યાવરણના જતન માટે સંદેશો પૂરો પાડ્યો હતો.બાયડ તાલુકાના લોકપ્રિય પૂર્વ ધારાસભ્ય સ્વ. ચંદ્રભાણ સિંહજી મુળસિંહજી સોલંકીની તેરમી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેમના પરિવારજનો દ્વારા પર્યાવરણનું જતન થાય તે હેતુથી લોકોને વૃક્ષોના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. રોપા વિતરણ કાર્યક્રમમાં ગામના સરપંચ શ્રી ઋતુરાજસિંહ સોલંકી તેમજ આગેવાનોએ ઉપસ્થિત રહી સ્વ. ચંદ્રભાણ સિંહજી સોલંકીને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

વધુમાં સ્વ. ચંદ્રભાણ સિંહજી ના પુત્ર માનવેન્દ્ર સિંહે જણાવ્યું હતુંકે, આ કોરોના માહમારીના સમયમાં ઓક્સિજનની ખુબ અછત સર્જાઈ હતી અને ઓક્સિજનની ઉણપથી ઘણા લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો,ત્યારે કુદરતી ઓક્સિજન મળી રહે તે માટે વૃક્ષોનો ઉછેર કરી પર્યાવરણનું જતન કરવું ખુબ જરૂરી છે.

આટકોટના કૈલાસનગરમાં પાણીની તંગી

જસદણ,

જસદણ તાલુકાના આટકોટના કૈલાસનગર પ્લોટ વિસ્તારમાં પાણીની સમસ્યા હોઈ આ અંગે ભાજપના અગ્રણી અને ગ્રામ પંચાયત સદસ્ય અલ્લાઉદ્દીન ફોગે તાત્કાલીક હલ કરોદ અન્ગયથા પ્રજા લોકોના રોષનો ભોગબનવા તૈયાર રહેવાની ચીમકી આપી છે. આ અંગે અલ્લાઉદીન ફોગે જણાવ્યું છે કે કૈલાસનગર વિસ્તાર વસ્તીની દ્રષ્ટીએ મોટો વિસ્તાર છે. આ વિસ્તારમાં નાના સમાજના લોકો વસવાટ કરી રહ્યાં છે. ગરીબ લોકો પણ આ વિસ્તારમાં રહેતા હોઈ તેઓના ઘરે પાણી ભરવામાટેના સાધનો હોતા નથી. તંત્ર દ્વારા પાણીનું કોઈ ટાઈમ ટેબલ હોતું નથી. અને ઉપરથી પાણી આવ્યા છતાં તંત્રની મહેરબાનીથી આ વિસ્તારનો વારો આવે ત્યારે જ લાઈન ફોલ્ટમાં આવે અથવા ઉપરથી પાણીબંધ થઈ ગયાનું જણાવે છે. આવું તો અનેક વખત બનતું હોવાથી આ વિસ્તારના લોકોમાં રોષ છે.

વેસ્ટર્ન ટાઇમ્સ

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

રૂા.૫/-માં પૂજા પુસ્તિકા,
રૂા.૧=૮૦ માં પ્રભુપૂજા કાર્ડ,
બેસણામાં વહેચો,
પુણ્યતીથીએ વહેચો,
પૂજા સંસ્કાર યજ્ઞ છે,
સ્વ. ફોટા સાથે મળશે,
પુસ્તિકા પેજ-૩૬
પૂજાકાર્ડ પેજ-૧૦
ભાવ ધંધાર્થી નથી,સગા,સંબંધીને આપો,
સોસાયટીમાં આપવા,
પેપર નાખનારને આપો,
કહો ત્યાં આપશે,
મંદિરોમાં દર્શનાર્થીઓને
આપવા માટે,જે-તે પૂજારીને આપો,
તમારા સમાજમાં વહેચવા,
સમાજની ઓફીસે પહોંચાડો
ઘરેઘર પહોંચશે,
મો.:-૮૧૨૮૨૮૬૧૬૧
૦૭૯૭૯૬૦૧૨૯૭

Vi™

અમને કહો

તમને સર્વશ્રેષ્ઠ સંભવિત સર્વિસ પૂરી પાડવા અમે સતત પ્રયત્નશીલ રહીએ છીએ.તેમછતાં કોઇ કારણોસર જો તમે અમારી સર્વિસથી ખુશ ન હોવ અથવા કોઇ પ્રશ્નો ધરાવતા હો તો કૃપયા નિઃસંકોચ અમારો સંપર્ક કરો.અમે તેનું વહેલી તકે સમાધાન કરીશું

Vi™ કૅર

તમે Vi™ કૅર પર અમારા સુધી પહોંચી શકો છો, દિવસનાં 24 કલાક, વર્ષમાં દરરોજ અને અમે હોઇશું હૅપી ટુ હૅલ્પ. Vi™ કોઇપણ ફરિયાદ અથવા સેવા બાબતે વિનંતી માટે કૃપયા અમારા કન્ઝ્યુમર કૅર નંબર 198 (ટોલ ફ્રી) પર કૉલ કરો.અમારા પ્રોડક્ટ્સ અને સર્વિસીસ વિશે જાણકારી માટે કૃપયા ડાયલ કરો *199# અને તમારા ખાતાની વિગતો માટે તમારા Vi™ મોબાઇલ ફોન પરથી જનરલ ઇન્ફોર્મેશન નંબર 199 (ટોલ ફ્રી) પર કૉલ કરો. તમે વ્યક્તિગત માર્ગદર્શન માટે કૉલ સેંટર એક્ઝીક્યુટિવ સાથે પણ વાત કરી શકો છો

VAS ડીઍક્ટિવેટ કરવાની પ્રક્રિયા

તમે IVR અથવા SMS દ્વારા સબસ્ક્રાઇબ કરાવેલી કોઇ પણ વૅલ્યુ એડેડ સર્વિસ સરળતાથી ડીઍક્ટિવેટ કરી શકો છો.

- તમે અમારો ટોલ ફ્રી નંબર 155223 ડાયલ કરી શકો છો. ભાષા પસંદ કર્યા પછી સબસ્ક્રાઇબ કરાયેલી બધી વૅલ્યુ ઍડેડ સર્વિસીસની એક યાદી સંભળાવવામાં આવશે. જેમાં ડીઍક્ટિવેશનનો ઑપ્શન પણ હશે.
- અથવા તમે 155223 પર STOP SMS પણ મોકલી શકો છો. સબસ્ક્રાઇબ કરાયેલી બધી વૅલ્યુ ઍડેડ સર્વિસીસની યાદી પરત SMS દ્વારા મોકલવામાં આવશે. જેમાં જવાબી SMS દ્વારા તમારો ઓપ્શન મોકલવાની વિનંતી હશે. સમર્થિત SMS સાથે સર્વિસ 4 કલાકમાં ડી ઍક્ટિવેટ થઈ જશે.

જ્યારે સર્વિસીસ વાપરતા ન હો એ સમય માટે ગ્રાહકોની જાણકારી માટે

- પ્રિપેઇડ ગ્રાહકો જ્યારે સર્વિસીસ વાપરતા ન હોય એટલે કે કોઇ ઇનકમિંગ/આઉટગોઇંગ વૉઇસ કે વિડિયો કૉલ્સ ન હોય, કોઇ SMS મોકલાયા ન હોય. 90 દિવસ સુધી એકધારૂં ડેટા યુસેજ ન હોય અને ₹20 કે એથી વધુનું બેલેન્સ હોય ત્યારે Vi™ ઑટોમેટિક નંબર રિટેનશન સ્કીમ (એએન આરએસ) હેઠળ તેમના અકાઉન્ટમાંથી ₹20 ડેબિટ કરશે અને નો યુસેજ પિરિયડની અવધિને એક મહિના માટે વધારશે.
- આ પ્રક્રિયા ₹20 થી ઓછી રકમનું બેલેન્સ ન થાય ત્યાં સુધી ચાલુ રહેશે. આ પછી તે નંબર કાયમી ધોરણે ડિસકનેક્ટ થઈ જશે.
- આમ ડિસકનેક્ટ થઈ ગયા પછી 15 દિવસની અંદર ગ્રાહક ₹20 ભરીને તેને ફરીથી ઍક્ટિવેટ કરાવી શકે.
- પોસ્ટપેઇડ ગ્રાહકો ₹150/3 માસ નું મામૂલી ચાર્જ ભરી તેમનાં નંબરને સેફ કસ્ટડીમાં રાખી શકે છે.

એપેલેટ ઓથોરિટીને વિનંતી

જો તમે Vi™ કૅરનાં પ્રતિસાદથી ખુશ ન હોવ તો તમે તમારી ફરિયાદનો ઉકેલ મળ્યાનાં 30 દિવસની અંદર તમારો ફરિયાદ નંબર જણાવી અમારા એપેલેટ ઑથોરિટી–મિસ. વિનિતા જોશી, કસ્ટમર સર્વિસ હેડને 198 (ટોલફ્રી)/અમારા કસ્ટમર સર્વિસ એજન્ટ્સ સાથે 98240 12345 પર અથવા 9825025989 પર ફૅક્સ કરી અથવા appellate.guj@vodafoneidea.com પર ઇમેલ કરી રજિસ્ટર કરાવી શકો છો એ સિવાય તમે પત્રવ્યવહાર દ્વાર પોસ્ટ કરીને નીચેના સરનામે જાણ કરી શકો છો. મિસ. વિનિતા જોશી, વોડાફોન આઇડિયા લિમિટેડ (આ પૂર્વે આઇડિયા સેલ્યુલર લિમિટેડ નામે જાણીતું), આદિત્ય બીરલા ગ્રુપ અને વોડાફોન પાર્ટનરશીપ, (CIN No: L32100GJ1996PLC030976), વોડાફોન હાઉસ, કોર્પોરેટ રોડ પ્રહલાદનગર, ઑફ એસ.જી.હાઇવે, અમદાવાદ 380 015.
તમે જ્યારે પણ ફરિયાદ નોંધાવશો તમને SMS દ્વારા ડૉકેટ નંબર અને ફરિયાદ નિવારણનો સમય મળી જશે. વધુ માહિતી અને નિયમો તથા શરતો માટે www.myvi.in પર લૉગ ઑન કરો.

રજિસ્ટર્ડ ઓફિસ

વોડાફોન આઇડિયા લિમિટેડ (આ પૂર્વે આઇડિયા સેલ્યુલર લિમિટેડ નામે જાણીતું), સુમન ટાવર, પ્લોટ નં 18, સેક્ટર 11, ગાંધીનગર 380 015 ગુજરાત
ટેલિ.: +91 79 6671 4000 | ફૅ.: +91 79 2323 2251
Vi™ વૅબસાઇટઃ – www.myvi.in
www.vodafoneidea.com | 9824012345

વિશ્વનું પ્રથમ બિઝનેસ પ્લેટફોર્મ ડેલ્લા લીડર્સ ક્લબ જિમી મિસ્ત્રીએ લોંચ કરવાની જાહેરાત કરી

મુંબઈ,

ઈનોવેટર, ઈનોવેટર, ડિઝાઈન થિંકર અને સોશિયલ આંત્રપ્રિન્યોર જિમી મિસ્ત્રીએ દુનિયાભરમાં તમામ ઉદ્યોગોના લીડર્સ માટે મજબૂત સપોર્ટ સિસ્ટમ ઊભી કરવા ડિઝાઈન કરેલું વિશ્વનું પ્રથમ ટેકનોલોજી સંચાલિત ગ્લોબલ બિઝનેસ પ્લેટફોર્મ ડેલ્લા લીડર્સ ક્લબ લોંચ કરવાની જાહેરાત કરી હતી. આ પ્લેટફોર્મનું ઉદ્‌ઘાટન ૧૨ જૂન, ૨૦૨૧ના રોજ લોનાવાલમાં ઔપચારિક રીતે કર્યું હતું. આ પ્રસંગે દુનિયાભરના વ્યવસાયિક અને જે તે ક્ષેત્રના દિગ્ગજો સાથે ભારત સરકારના માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી તથા અતિ નાના, નાના અને મધ્યમ ઉદ્યોગસાહસોના મંત્રી આદરણીય શ્રી નીતિન ગડકરી અને મહારાષ્ટ્ર સરકારના પ્રવાસન અને પર્યાવરણના કેબિનેટ મંત્રી શ્રી આદિત્ય ઠાકરે વર્ચ્યુઅલ રીતે ઉપસ્થિત રહ્યાં હતાં.

આ લોંચ પર શ્રી નીતિન ગડકરીએ કહ્યું હતું કે, "માહિતી કે જાણકારી પાવર છે અને એનું સંપત્તિમાં પરિવર્તન – આ દેશનું ભવિષ્ય છે. હું મારા મિત્ર જિમી મિસ્ત્રીને મહામારી પછીની દુનિયામાં લીડર્સને મદદ કરવા વિશ્વનું પ્રથમ બિઝનેસ પ્લેટફોર્મ ડેલ્લા લીડર્સ ક્લબ (ડીએલસી) લોંચ કરવા બદલ અભિનંદન આપું છું. ડીએલસી પ્લેટફોર્મ દુનિયામાં યુવાન લીડરશિપ અને ઉદ્યોગસાહસિકો માટે નવું વિઝન રજૂ કરશે." શ્રી આદિત્ય ઠાકરેએ નવા સાહસની પ્રશંસા કરી. તેમણે કહ્યું હતું કે, "ડેલ્લા લીડર્સ ક્લબ સ્થાપિત કરવા બદલ જિમી મિસ્ત્રીને હૃદયપૂર્વકના અભિનંદન. તમારી રચનાત્મકતા પર ગર્વ છે! વિશ્વનું પ્રથમ બિઝનેસ પ્લેટફોર્મ કંપનીઓને જોડશે અને સામાજિક અસર ઉપરાંત આપણા દેશમાં દુનિયાનું શ્રેષ્ઠ લાવશે. કોવિડ સાથે અત્યારે પરિવારને ટકાવવા અને સતત આગળ વધવા કોઈ પણ વ્યક્તિ પર રોજગારીનું સર્જન સૌથી વધુ અસર કરી શકે છે. હું ડીએલસીને શુભેચ્છા પાઠવું છું."

પ્રથમ પેઢીના ઉદ્યોગસાહસિક તરીકે જિમી દ્રઢપણે માને છે કે, આધુનિક લીડર્સને, ખાસ કરીને મહામારી પછીના દુનિયામાં, આંતરરાષ્ટ્રીય સ્તરના લીડર્સ પાસેથી જાણકારી અને અનુભવમાંથી મોટો ફાયદો થશે. ડીએલસી માટેનું તેમનું વિઝન વિશિષ્ટ અને સુરક્ષિત વૈશ્વિક લીડર્સ સમુદાય ઊભો કરવાનો છે, જે સફળ જીવનમાંથી મહત્વપૂર્ણ જીવન તરફ પરિવર્તન કરવા એકબીજાને મદદરૂપ થશે.

ડેલ્લા લીડર્સ ક્લબના સ્થાપક અને ચેરમેન શ્રી મિસ્ત્રીએ કહ્યું હતું કે, "છેલ્લાં ૨૫ વર્ષ દરમિયાન વિશ્વના કેટલાંક સૌથી સફર ઉદ્યોગસાહસિકો, કોર્પોરેટ પ્રોફેશનલ્સ, સેલિબ્રિટીઓ અને સોશિયાલાઈટ્સનું ડિઝાઈનિંગ કર્યા પછી મેં જોયું હતું કે, તેઓ શીખવા માટે અને સ્પર્ધામાં અગ્રેસર રહેવા આતુર છે. આપણે અનિશ્ચિત દુનિયામાં જીવીએ છીએ. મને અહેસાસ થયો હતો કે, તમામ ઉદ્યોગમાં લીડર્સને તેમને સક્ષમ બનાવશે એવી સપોર્ટ સિસ્ટમની જરૂર છે. આ પ્લેટફોર્મનો ઉદ્દેશ નેટવર્કિંગથી વધારે છે અને સમુદાયની પહોંચ સાથે માહિતી વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે."

ડીમાન્ડ નોટીસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકસ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ (આ કાયદો) સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ (આ નિયમો) ૩(૧) સાથે વાંચવામાં આવ્યો છે. ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩(૧૨) હેઠળ આપવામાં આવેલ સત્તાઓના ઉપયોગમાં આ નિયમોના નિયમ ૩ ની સાથે વાંચતા, આઈઆઈએફએલ ગૃહ ફાઈનાન્સ લિમિટેડ (**IIFL HFL**) (અગાઉ ઈન્ડિયા ઈન્ફોલાઈન હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ)ના અધિકૃત અધિકારીએ જારી કર્યા છે. ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩ (૨) હેઠળ માંગણી નોટિસ, ઉધાર લેનારા (ઓ) ને, તેઓને સંબંધિત ડિમાન્ડ નોટિસ (ઓ)માં જણાવેલ રકમ પરત કરવા માટે હાકલ કરે છે. ઉપરના સંબંધમાં, ફરીથી આ સૂચના પ્રકાશિત થયાની તારીખથી ૬૦ દિવસની અંદર લેણદાર(ઓ)ને ચૂકવણી કરવા માટે સૂચના આપવામાં આવે છે, ના વધુ વ્યાજ સાથે, નીચે જણાવેલ રકમ, ઓ માંગણી સૂચના ચુકવણીની તારીખ સુધી લેણદાર (ઓ) ની વિગત, તારીખ મુજબની રકમ માંગની સૂચના અને લોનની રકમની ચુકવણી માટે આપવામાં આવતી સુરક્ષા નીચે મુજબ છેઃ -

દેવાદારો/ જામીનદારોના નામો	ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ	સિક્યોર્ડ એસેટ (સ્થાઇ મિલ્કત)નું વર્ણન
શ્રી અનીલ મનોજભાઈ ભીલ, શ્રીમતી. પુજાબેન અનીલભાઈ ભીલ (Prospect No.939862)	22-June-2021 Rs.3,09,981.00/- (રૂપિયા ત્રણ લાખ નવ હજાર નવસો એક્યાસી ફક્ત)	202, બીજો માળ, 2, 2B, ટી.પી સ્કીમ નં.3 પ્લોટ નં.98 ફાતીમા કોનવેન્ટ સ્કૂલની પાછળ, સાગર પાર્ક, ઘોઘા રોડ, ભાવનગર-૩૬૪૦૦૧ ખાતે આવેલી મિલકત અને તેના બધા જ ભાગો સહિત
શ્રી. રમેશ ભાવડુ સોની, શ્રી. હિતેશ આર. સોનાર શ્રી. કમલેશ આર. સોની, શ્રી. કન્હૈયા આર. સોની, શ્રીમતી. શોભા રમેશભાઈ સોની, શ્રી. ચંદ્રશેખર વસંત સોની, શિવમ જ્વેલર્સ (Prospect No.725698 & 797385)	22-June-2021 Prospect No.725698, Rs.12,24,473/- (રૂપિયા બાર લાખ ચોવીસ હજાર ચારસો તોત્તેર ફક્ત) અને Prospect No.797385, Rs.14,99,157/- (રૂપિયા ચૌદ લાખ નવ્વાણું હજાર એકસો સત્તાવન ફક્ત)	પ્લોટ નં.30 આશરે 16.20 સ્કે.મી. સુભાષનગર, અંબાજી ચોકની પાસે, સર્વે નં.49, બ્લોક નં.4, મોજે લીંબાયત, સુરત, ગુજરાત, ૩૯૪૨૧૦, ભારત ખાતે આવેલી મિલકત અને તેના બધા જ ભાગો સહિત

જો આ દેવાદાર ઉપરોક્ત IIFL, HFLને ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય તો IIFL, HFL આ એક્ટની કલમ ૧૩(૪) હેઠળ ઉપરોક્ત સિક્યોર્ડ એસેટ્સ સામે કાર્યવાહી હાથ ધરશે અને લાગુ થતા નિયમો/સમગ્રપણે તે દેવાદારના જોખમે અને ભોગે રહેશે. વધુ માહિતી માટે અધિકૃત અધિકારીશ્રીની **બ્રાંચ ઓફિસ :** IIFL HFL FF-04/05 પહેલો માળ, શિવાલીક કોમ્પ્લેક્ષ, ભાવનગર રોડ, શિહોર, જી.ભાવનગર-૩૬૪૨૪૦ અને ઓફીસ નં.701, સાતમો માળ, 21st સેન્ચ્યુરી બિઝનેસ સેન્ટર ઉધના દરવાજા પાસે, રીંગ રોડ, સુરત-૩૯૫૦૦૨ / અથવા **કોર્પોરેટ ઓફિસ :** આઈઆઈએફએલ ટાવર પ્લોટ નં.૯૮, ઉદ્યોગ વિહાર, ફેસ-૪, ગુરગાંવ, હરીયાણા સંપર્ક કરવો.

સ્થળઃ ભાવનગર અને સુરત તારીખઃ ૨૮-૦૬-૨૦૨૧

સહી/- અધિકૃત અધિકારી, IIFL **હોમ ફાઇનાન્સ લીમીટેડ**